શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૭૦ • તા.૧૧ સપ્ટેમ્બર થી ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



# મિચ્છા મિ દુક્કડં

SAVIOUR®
Performing PPE

Sure Safety
Complete Safety Solutions

# COVID-19 OFFER

SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF

EN 166 FPSAV-F-SS



## COVID-19 Face Shield

NIOSH/EN 149-2001 + A1:2009/FFP2 RPSAV-N95



## N-95 Respirator

SITRA Approved BPSAV-VGS



## N-95 Respirator

EN 166 EYSAV-CHS-S



## Chemi Splash Small

*Offer Valid till Stocks last!!! at factory Prices.

## BOOK YOUR ORDER

## DEALERS WANTED

www.suresafety.com

healthcare@suresafety.com | onlinestore@suresafety.com

+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# જીવનમાં આવતો સંઘર્ષ જુસ્સો વધારે છે

જીવન દરમ્યાન આવતો સંઘર્ષ એ આપણા કર્મની ભેટ છે, એવી રીતે સ્વીકાર કરવો જોઈએ. દરેક વ્યક્તિ અંતરથી ઈચ્છતી હોય છે કે પોતાની જીંદગી એકદમ આરામ દાયક અને ખુશીઓથી ભરપૂર હોય. જીવનની દરેક પળોમાં આપણને આનંદ, ઉમંગ અને ઉત્સાહ ભર્યો માહોલ અખૂટ મળતો રહે. મંઝિલ તરફ જતો માર્ગ સરળ, સપાટ અને મુસીબત વગરનો હોય. પણ આ ઈચ્છા, કામના જો ખરોખર સાચી પડતી હોય તો? પણ, જીવન આપણી ઈચ્છાઓ આકાંક્ષા અને સ્વપ્નાઓથી નથી ચાલતું. જીવનમાં બધું સરળતાથી મળે એ પણ શક્ય નથી. દરેકની જીંદગી અલગ અલગ છે. જવલ્લેજ કોઈ એવો ભાગ્યશાળી હશે જેને બધું સહજતાથી મળી જતું હશે. બહુધા જણ એવા હોય છે. જે સફળ થવા માટે આકરો સંઘર્ષનો સામનો કરતા હોય છે. નિષ્ફળતા અને પડકારોને પરાજિત કરી મંઝિલ પામનાર જ આખરે સિદ્ધિઓને પામનાર સિકંદર છે.

સરળતાથી કે આસાનીથી મળતી કોઈપણ જણસ કે સિદ્ધિની કદર હોતી નથી. શ્રમ અને સાધના પશ્ચાત મળેલી સફળતા જ શિર પર મુકુટની જેમ શોભે છે. કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવાં જેટલાં નબળાં છીએ તો એ મેળવવા માટે આપણને અતિમુશ્કેલી થવાની જ છે. સંઘર્ષો જ આપણને સાહસ માટે પ્રેરણા આપે છે. સંઘર્ણ જ આપણને ખરેખર આગળ ધપતાં રાખે છે. સંઘર્ષ વિના કોઈપણ વ્યક્તિનો વિકાસ ન થઈ શકે એ હકીકત છે. સંઘર્ષ ને જોઈ પાછી પાની કરે એ સાહસિક નથી. એ લડ્યા વગર પરાજીત સ્વીકારી લેનાર નબળો સિપાઈ છે. શરણાગતિ પામનાર સૈનિક છે. જે ક્યારે જંગમાં જીતી શક્તો નથી. આખરે તો પરાક્રમી જ પોતાની સફળતાના મારગને સરળ બનાવી શકે છે.

આપણું જીવન કેવા અને કેટલાં સંઘર્ષોથી પસાર થયું છે. તેને પાર કરવા કેવાં અને કેટ કેટલા કોઠા વીંધયા છે તે જ બીજાને માટે પ્રેરણા દાયક બની શકે છે. અન્ય માટે ઉદાહરણ રૂપ થઈ શકે છે. નાના બાળકને કોઈ સહજ રીતે કોઈ ચીજ હાથમાં પકડાવી દે એ રીતે સફળતા હાથવેંત મળતી રહેતો સંઘર્ષ શું છે. એનો પણ આપણને ક્યારે ખ્યાલ મળશે નહીં. બીજાઓના અનેક સંઘર્ષો ભરી જીવન ગાથામાં રસ ધરાવીએ છીએ પણ ખુદ પોતાની સંઘર્ષ ભરી દાસ્તાન સામે લડવાનું આપણે પસંદ કરતા નથી. વાસ્તવિક્તા સામે લડનાર જ આખરે પરિસ્થિતિ બદલી શકે છે.

નદી ક્યારે એવું નથી વિચારતી કે દરિયો કેટલો દૂર છે. એતો સાગરમાં સમાવવાની તત્પરતા તાલાવેલીમાં પોતાની સામેની અડચણોને પાર કરતી આગળ વધતી રહે છે અને આખરે પોતાની મંઝિલને પામે છે. સંઘર્ષો જ આપણા સપનાઓ માટેનો રસ્તો બનાવે છે. મંઝિલ સુધી પહોંચવાનું ઝનૂન જ સંઘર્ષોને પાર કરવાનુ સાહસ આપણામાં પેદા કરે છે. માટે જ સંઘર્ષ આવે એ જરૂરી છે. એનાથી આપણામાં જોમ, જુસ્સો જાગે છે અને પથમાં આગળ વધવાની પ્રેરણા મળે છે.

– જય જ્ઞાતિમૈયા

# મનદુઃખના પોટલાં વિસર્જન કરવાનો પર્વ




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

પર્યુષણ મહાપર્વમાં તપ આરાધનાથી કાયા ને ભાવ નિર્મળ શુધ્ધ થાય પણ અંતકરણ શુધ્ધ થાય મનમાં વળેલી ગાંઠોને છોડવાથી. મેલા ભાવથી કોઈને વેરી બનાવ્યો હોય, કટુ વચનોથી કોઈનું દિલ દુભાવ્યો હોય એ સર્વેની સમક્ષ શુધ્ધ ભાવે જઈ સામે ચાલીને ક્ષમા માંગી લેવી જેથી મન અંતરનો બોજ હલકો થાય.

જેની સાથે સંબંધ હોય તેની સાથે વ્યવહાર દરમ્યાન ખટાશ આવે, વેરભાવ થાય પણ અજાણ્યા સાથે, જેને આપણે જાણતા નથી તેની સાથેના સંબંધો ખરાબ ન થાય. તો પછી જે આપણાં પોતાના છે તેની પ્રત્યે કટાણું મોઢું ક્યાં સુધી કરવું. કોઈ સામેથી આવે તે પહેલાં પહેલ કરીને તેને ખમાવવું એ સાહસ છે, નિડર ભાવ છે. રાગ-દ્વેષ, પૂર્વગ્રહ અને વેરઝેરના પોટલાં જે બાંધી રાખ્યા છે તેનું વિસર્જન કરીએ અને પ્રેમ-સ્નેહ, મિત્રતા અને મહોબ્બતનો સેતુ બાંધીએ.

પશ્ચાતાપ એ ભૂલનું કબૂલાત નામું છે. જ્યારે પ્રાયશ્ચિત ભૂલ ન થાય એની પ્રતિજ્ઞા છે. બીજીવાર એ ભૂલ થાય ને પ્રતિજ્ઞા તૂટે એ ન થાય એ માટે સજાગતા રાખવી જોઈએ. જાત દ્વારા થયેલ ભૂલને સુધારવું આસાન છે પણ જાતને સુધારવી કઠિન છે. અન્ય સાથે સંબંધ અને વહેવાર બાંધવાની જવાબદારી સામેવાળા કરતાં આપણા પર વધુ હોય છે.. સામેવાળો સુધરે એના કરતાં આપણે પોતે સુધરીએ એ મહત્વનું છે. સંબંધો સરળતાથી વહે એ માટે જવાબદારી સામેવાળા પર ન નાંખી દેવાય. સંબંધો ટકાવવાની જવાબદારી આપણે સજાગપણે નિભાવીએ. બગડેલા, અટકી ગયેલા, ખોરંભાયેલાને વિખરાયેલા સંબંધોને જોડીએ, સશક્ત કરીને સંવારીએ તેનું પહેલું સોપાન એટલે ક્ષમાપના પર્વ.

જાણે અજાણે આવેગ કે આવેશમાં, દ્રશ્ય, અદ્રશ્ય ભાવ વિચાર, મન, વચન, કાયાને કર્મથી દુભાવ્યા હોય તો અંતકરણપૂર્વક ક્ષમા કામના યાચના. મિચ્છામિ દુક્કડમ્.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ધન્ય તમારી તપશ્ચર્યા, સ્વીકારો અમારી અનુમોદના

પર્યુષણ મહાપર્વ અવસરે તપ, જપ, આરાધના કરનાર તપસ્વીઓની યાદી માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર સૌનું સમસ્ત મહાજન આભાર માને છે.

## તપસ્વીઓની યાદી

**૫૧ ઉપવાસ**

વંદના ચીમનલાલ નાગડા-કરાડ

**૩૧ ઉપવાસ**

બિનલ રિતેશ શિયાલ
(દલતુંગી-દલતુંગી)

**૧૬ ઉપવાસ**

પલક વિરેન હેફા
(જખૌ-મુલુંડ (પ)
ઉર્વી રાજેશ દંડ
(લુણી-ડોંબિવલી (પૂ)
તેજલ સિધ્ધાર્થ ખોના
(કોઠારા-વાપી)
છાયા જયેશ લોડાયા
(વાંકુ-ડોંબિવલી (પૂ)
હંસા રૂપશી લોડાયા
(ગોરખડી-ડોંબિવલી (પ)
લક્ષ વિશાલ મોમાયા
(નલિયા-મુલુંડ)

**૧૧ ઉપવાસ**

શૈલેશ મધુકર મોતા
(નલિયા-ઈંડોનેશીયા)
ધૈર્ય મેહુલ લોડાયા
(ગોએરસમા-થાણા)
હર્ષા ધનેશ ધરમશી
(સાંધાણ-વિરાર)
સંજય માણેકજી મૈશેરી
(ગોધરા-ભુજોળી)

**૯ ઉપવાસ**

તેજસ મહેન્દ્ર ખોના
(જખૌ-ભાંડુપ (પ)
વત્સલ સુનિલ શાહ-નાગડા
(નલિયા-અમદાવાદ)
જૈનેશ રાજેશ મોતા
(તેરા-ડોંબિવલી (પ)
લીના હિતેશ લોડાયા
(આરીખાણા-ઘાટકોપર (પૂ)
અક્ષય લહેરચંદ લોડાયા
(રાપર ગઢવારી-ડોંબિવલી (પ)
પ્રવિણા ઉત્તમ ગાલા
તેરા-મુલુંડ (પ)
રાગીની વિશાલ ડાઘા
(દલતુંગી-મુલુંડ)

**૮ ઉપવાસ**

**અક્ષય નિધિ તપ**

લિશિતા કિરીટ સાવલા
તેજિની અંકિત મૈશેરી
(સીંધોડી નાની-વડોદરા)
રશ્મિ કપિલ મૈશેરી
(સીંધોડી નાના-વડોદરા)
વૈશાલી મનીષ ધરમશી
(કોઠારા-વડાલા)
મિતલ વિશાલ મૈશેરી
(લાલા-ડોંબિવલી)
મીત રોબીન દંડ
(વરાડીયા-નવી મુંબઈ)
દિપ્તી પરેશ અજાણી (લોડાયા)
(કોઠારા-ચેંબુર)
રશ્મી રાજેશ અજાણી લોડાયા
(કોઠારા-ચેંબુર)
વર્ષા વિશાલ મોમાયા
(નલિયા-મુલુંડ)
દિપ્તી બ્રિજેશ લોડાયા
(રાપર ગઢવારી-ડોંબિવલી)

**કોટિશીલા તપ**

ભારતી ગૌતમ દંડ
(વરાડીયા-મુલુંડ (પૂ)
હેમલતા અશોક દંડ
(વરાડીયા-મુલુંડ (પૂ)
નેહા હિમતલાલ ખોના
(રંગપુર-ભાંડુપ (પ)
રેખા જીગ્નેશ ખોના
(સુથરી-દિવા)
દીપ્તન પ્રેમચંદ લોડાયા
(સીંધોડી મોટી-ભાંડુપ (પ)
ફેનીલ ઝવેરચંદ લોડાયા
(બાયઠ-ભાંડુપ (પ)
કિના નિકેશ ધરમશી
(રંગપુર-દાદર (પ.રે)
રોહન રાજેન્દ્ર લાપસીયા
(દલતુંગી-માટુંગા)
માનસી સુશાન્ત લોડાયા
(રવા-ભાંડુપ (પ)
ચૈતાલી યોગેશ મોતા
(તેરા-ગોપાલપુરી)
યોગેશ નીતિન મોતા
(તેરા-ગોપાલપુરી)
નયન સતીશ છેડા
(સુજાપુર-રાયપુર)
મનીષા હરીશ મોમાયા
(સાંયરા-ડોંબિવલી (પ)

# ધન્ય તમારી તપશ્ચર્યા, સ્વીકારો અમારી અનુમોદના

તૃપ્તિ પ્રવિણ ખોના
(નલિયા-ડોંબિવલી (પ)
કોમલ હંસરાજ ધરમશી
(મંજલ-અમેરીકા)
હરીશ ખીમજી મોમાયા
(સાંયરા-ડોંબિવલી (પ)
ધર્મેશ જયંતીલાલ લોડાયા
(ખાવડી નાની-ડોંબિવલી (પ)
ધીરેન રમેશ નાગડા
(નલિયા-કોચીન)
મયુર ચાંપશી નાગડા
(તેરા-ડોંબિવલી (પ)
મહેંદ્ર મુલજી ગોસર
(બાયઠ-થાણે (પ)
ઝવેરચંદ કેશવજી લોડાયા
(બાયઠ-ભાંડુપ (પ)
મીનાક્ષી મહેન્દ્ર મૈશેરી
(કુઆપધર-ડોંબિવલી)
અરૂણા હંસરાજ ધરમશી
(મંજલ-અમેરીકા)
ભારતી ઉત્તમ શાહ (લોડાયા)
(રાપર ગઢવારી-માટુંગા)
રજનીકાંત લાલજી ધરમશી
(સુથરી-થાણે)
બિંદી ભારતી દંડ
(નાનીખાવડી-ડોંબિવલી)

**૮ ઉપવાસ (અઠ્ઠાઈ)**

વીર મિતેન લોડાયા
(સાંયરા-ઘાટકોપર (પૂ)
ખુશી જતિન લોડાયા
(તેરા-ડોંબિવલી (પૂ)
ખુશી રાજેશ દંડ
(લુણી-ડોંબિવલી (પૂ)
એકતા મયુર દંડ
(સાંધવ-ડોંબિવલી (પૂ)
જીનલ વિજય ધરમશી
(ગોરખડી-ડોંબિવલી (પ)
નિલ હરીશ લોડાયા
(ખાવડી નાની-ભીવંડી)
દિપ હિતેન લોડાયા
(ખાવડી નાની-મુલુંડ (પ)
વિરલ મુકેશ મોમાયા
(જખૌ-અંબરનાથ)
રીયાંશ ચેતન દંડ
(લાલા-માટુંગા)
કાજલ જીતેન્દ્ર ધુલ્લા
(સેવક ભરૂડીયા-ડોંબિવલી)
શ્રેય રાજેશ મૈશેરી
(સીંધોડી મોટી-વિરાર (પ)
હેના ધર્મેશ શાહ-નાગડા
(રંગપુર-કલવા)
ગુંજન સોમચંદ શિયાલ
(વારાપધર-ડોંબિવલી (પૂ)
દર્શિત ભરત મોમાયા
(સાંયરા-હુબલી)
ખ્યાતી ચિરાગ નાગડા
(નલિયા-ડોંબિવલી (પૂ)
સંકેત દિલીપ લોડાયા
(સાંધવ-હાલોલ)
ચિરાગ પ્રદીપ નાગડા
(નલિયા-ડોંબિવલી (પૂ)
પુર્વી ગુંજન મોમાયા
(સાંયરા-અમેરીકા)
મિતેશ મહેન્દ્ર મોતા
(વારાપધર-ડોંબિવલી (પૂ)
જીજ્ઞા નિતીન લાલકા
(રંગપુર-ભીવંડી)
વૈશાલી ચેતન દંડ
(લાલા-માટુંગા)
છાયા વિરેન્દ્ર લોડાયા
(નલિયા-મુલુંડ (પ)
લતા ગિરીશ લોડાયા
(કોઠારા-ડોંબિવલી (પ)
ખીરેશ પદમશી સાયલા
(તેરા-ડોંબિવલી (પૂ)
શૈલેષ ઝવેરચંદ પોલડિયા
(બાયઠ-ડોંબિવલી (પૂ)
રાજેશ દામજી મૈશેરી
(સીંધોડી મોટી-વિરાર (પ)
બિંદુ ભરત ગોસર
(બાયઠ-મલાડ (પ)
સુરેખા ભરત ધરમશી
(રંગપુર-ડોંબિવલી (પૂ)
જીગ્નેશ મુલજી ખોના
(સુથરી-દિવા)
રોહન ભરત લોડાયા
(જખૌ-મુલુંડ (પ)
દિવ્યા ચંદ્રેશ લોડાયા
(રવા-અલપઈ)
હર્ષીતા કિરણ નાગડા
(ગોરખડી-ડોંબિવલી (પ)
નિહાર અનિલ નાગડા
(રંગપુર-ડોંબિવલી (પ)
વૃતિ ભૌમિક લોડાયા
(સુથરી-મુલુંડ (પ)
મોક્ષીલ હીતેશ લોડાયા
(સાંધવ-મુલુંડ (પ)
રીયાંશી લીતેષ ખોના
(નલિયા-ડોંબિવલી (પૂ)
કૃતિક મનોજ દંડ
(સેવક ભરૂડીયા-ચંદેરીયા)
જય કલ્પેશ લોડાયા

# ધન્ય તમારી તપશ્ચર્યા, સ્વીકારો અમારી અનુમોદના

(રવા-ચેંબુર)
ચૈત્યા રાજીવ લુઠીયા
(રવા-મુલુંડ (પ)
ઉર્વીલ અજય ખોના
(રંગપુર-મલાડ (પૂ)
લબ્ધિ ધનપાલ મોતા
(તેરા-કાંજુરમાર્ગ (પૂ)
મીત્તલ અંકિત ધુલ્લા
(સેવક ભરૂડીયા-ચાલીસગામ)
ધારીકા જિતેન ધરમશી
(સુથરી-ડોંબિવલી (પૂ)
તન્વી સંજય મૈશેરી
(જખૌ-કોઈમ્બતુર)
રીયા આકાશ દંડ
(સુથરી-મુલુંડ (પ)
ભુમિલ ચિરાગ ધરમશી
(રંગપુર-બોરીવલી (પ)
વિમલ સોમચંદ ખોના
(નલિયા-જામનગર)
સિધ્ધાર્થ સતિષ લોડાયા
(સેવક ભરૂડીયા-સેવક ભરૂડીયા)
જુહી ચેતન નાગડા
(પરજાઉ-તીરૂપુર)
ચિરાગ જયેશ લોડાયા
(સુથરી-ઘાટકોપર (પૂ)
પાર્થ ભાવેશ સોની
(સુથરી-ભાંડુપ (પ)
વિશિત લિતિન લોડાયા
(નાની ખાવડી-કોઈમ્બતુર)
હીમાંશુ ધીરેશ મુનવર
(જખૌ-ભાંડુપ (પ)
નિરલ સંકેત લોડાયા
(વારાપધર-પાંચોરા)
મિતલ ભાવેશ લોડાયા

(રવા-ભાંડુપ (પ)
સંકેત કિરીટકુમાર લોડાયા
(વારાપધર-પાચોરા)
ધીરજ અજય દંડ
(તેરા-પુના)
ધારા આકાશ લોડાયા
(રવા-ભાંડુપ (પ)
દિપક હેમેંદ્ર લોડાયા
(બાંઢીયા-મુલુંડ (પ)
ચાર્લી દિલીપ નાગડા
(નલિયા-કાંજુરમાર્ગ (પુ)
પાયલ હેમંત વિકમશી
(સુથરી-ડોંબિવલી (પૂ)
વિવેક શૈલેન્દ્ર ધરમશી
(સાંધાણ-યુ.કે.)
હેતલ રાહુલ દંડ
(તેરા-અમદાવાદ)
રાહુલ પ્રતાપ દંડ
(તેરા-અમદાવાદ)
ભાવેશ મેઘજી સોની
(સુથરી-ભાંડુપ (પ)
નરીશ મણિલાલ લોડાયા
(સુથરી-ઘાટકોપર (પ)
લિનેશ લહેરચંદ નાગડા
(નલિયા-ઘાટકોપર (પૂ)
છાયા પ્રદીપ લોડાયા
(સાંધવ-ડોંબિવલી (પ)
મયુર દેવશી ધુલ્લા
(સુથરી-માટુંગા)
અલકા હરીશ ધુલ્લા
(તેરા-મુલુંડ (પ)
નીતિન કેશવજી ધરમશી
(સાંધાણ-ડોંબિવલી (પ)
દીના સતીશ વિકમશી

(સુથરી-ઘાટકોપર (પ)
દમયંતી હિરાચંદ ખોના
(નલિયા-મલાડ (પૂ)
અજય વિરેન્દ્ર લોડાયા
(નલિયા-મુલુંડ (પ)
નીકુંજ કાર્તિક દંડ
(સુથરી-મુલુંડ (પ)
વામીની તેજશ ખોના
(સુથરી-દિવા)
પ્રિયંકા ગિરીશ લોડાયા
(કોઠારા-ડોંબિવલી (પ)
કરિશ્મા નરેશ દૌલત (ધુલ્લા)
(સેવક ભરૂડીયા-મુલુંડ (પ)
કુનાલ રાજેશ અજાણી (લોડાયા)
(કોઠારા-ચેંબુર)
વિક્રમ મનોજ ધ્રોળ
(ગોધરા-ડોંબિવલી (પૂ)
ભુપેન ખુશાલ લોડાયા
(રાપર ગઢવારી-નવી મુંબઈ)
તેજશ જીગ્નેશ ખોના
(સુથરી-દિવા)
ખુશ્બુ ખંતિલ મોમાયા
(વરાડીયા-ભાંડુપ (પ)
અભિષેક વિનોદ ગોસર
(બારોઈ-ડોંબિવલી (પૂ)
ચાર્વિક નીતિન મોમાયા
(વરાડીયા-ભાંડુપ (પ)
હિરલ હિતાંશુ ધુલ્લા
(સુથરી-મુલુંડ (પ)
મિતેશ નરેન્દ્ર ધરમશી
(સેવક ભરૂડીયા-ડોંબિવલી (પૂ)
મેઘના સંકેત લોડાયા
(સાંધવ-હાલોલ)
પંચમી મેહુલ લોડાયા

# ધન્ય તમારી તપશ્ચર્યા, સ્વીકારો અમારી અનુમોદના

(ગોએરસમા-થાણા)
પંક્તિ લલીત ડાઘા
(સુથરી-ભુજોડી)
વીર ચંદ્રેશ લોડાયા
(નાની ખાવડી-ભીવંડી)
ખુશાલ યશેશ લોડાયા
(મંજલ રેલડીયા-ભાંડુપ)
જીનાગી પારસ મૈશેરી
(લાલા-ભાંડુપ)
ખુશાલી પિયુષ ધરમશી
(સાયરા-ઘાટકોપર)
આર્યા મેહુલ દંડ
(છાદુરા-સુરત)
ખુશી સમીર શિયાલ
(જખૌ-મુલુંડ)
પ્રિશા રાજેશ ધરમશી
(સેવક ભરૂડીયા-દાદર)
પુજા લલીત ડાઘા
(સુથરી-ભુજોડી)
પારસ ગૌતમ મૈશેરી
(કુવા પધ્ધર-અહમદનગર)
ક્રિશા દેવેન લોડાયા
(સાયરા-કાંજુરમાર્ગ)
અનોખી અજય ધુલ્લા
(તેરા-મુલુંડ)
વૈભવ અજય મોમાયા
(નલિયા-અંજાર)
ઈશા દેવેન લોડાયા
(સાયરા-કાંજુરમાર્ગ)
અંજલી ગૌરાંગ પોલડીયા
(રંગપુર-કોચીન)
નિધી અંકિત મોતા
(નલિયા-કોચીન)
રાહુલ ચંદ્રકાંત હેફા

(જખૌ-નવી મુંબઈ)
મનિશા રાજેશ ધરમશી
(સેવક ભરૂડીયા-દાદર)
રાજેશ કાંતિલાલ ધરમશી
(સેવક ભરૂડીયા-દાદર)
ચીત્રા કુમારપાળ ધરમશી
(જખૌ-ડોંબિવલી)
ભરત પદમશી વિકમશી
(રાણપર-અંતરજાળ)
મહેશ લખમશી લાપસીયા
(કોઠારા-ડોંબિવલી)
વિજય ઉમરશી મોમાયા
(વરાડીયા-મુલુંડ)

**સમવસરણ તપ**

નિધિ ભુપેન લોડાયા
(રાપર ગઢવારી-નવી મુંબઈ)
શોભના ભરત મોમાયા
(સાંયરા-ગાંધીધામ)
પારૂલ વિપુલ મૈશેરી
(સીંધોડી મોટી-ડોંબિવલી (પૂ)
દેશના ચેતન કુરૂવા
(ગોધરા-સાંગલી)
દિક્ષી ચેતન કુરૂવા
(ગોધરા-સાંગલી)
ચેતન પ્રવિણચંદ્ર કુરૂવા
(ગોધરા-સાગંલી)
દક્ષા રાજેન્દ્ર મોમાયા
(બારોઈ-જલગામ)
રાજેન્દ્ર જવેરચંદ મોમાયા
(બારોઈ-જલગામ)
અશોક માણેકજી કુરૂવા
(ગોધરા-સાંગલી)
વિમળા વર્ધમાન લોડાયા
(કોઠારા-કોઠારા)

**વીસ સ્થાનક તપ**

મહેશ લાલજી લાપસીયા
(દલતુંગી-મુલુંડ (પ)

**પુણ્ય કળશ તપ**

જયા ઉપેંદ્ર લોડાયા
(કોઠારા-ખામગામ)
કિશોર મણિલાલ ધુલ્લા
(સેવક ભરૂડીયા-ચાલીસગામ)

**ચૌદપુરવ તપ**

તેજલ હિતેન લોડાયા
(ખાવડી નાની-મુલુંડ (પ)
શાંતા ચંદુલાલ લોડાયા
(ખાવડી નાની-મુલુંડ (પ)
વિજયા જયંતીલાલ લોડાયા
(ખાવડી નાની-ડોંબિવલી (પ)

**ગૌતમ સ્વામિ લબ્ધિ તપ**

મીના ગૌતમ લોડાયા
(સુથરી-થાણે (પ)
ઈંદુ ભરત લોડાયા
(નલિયા-થાણે (પ)
ભરત મણિલાલ લોડાયા
(નલિયા-થાણે (પ)

**વિમલનાથ તપ**

બાયાબાઈ માણેકજી મૈશેરી
(ગોધરા-ડોંબિવલી)

**ક્ષીરસમુદ્ર તપ**

પ્રેમિલા કાંતિલાલ નાગડા
(તેરા-ગોપાલપુરી)
ઈન્દિરા મહેન્દ્ર નાગડા
(તેરા-ડોંબિવલી)



# લાલકા તથા શિયાડ પરિવારનું ગૌરવ

## અમારી લાડલી દિકરી

# શ્રીમતી ચાંદની પરેશ લાલકા

## (લાલા - વાશી)

હાલમાં જીતો **નવીમુંબઈ-રાયગઢ લેડિસવીંગની ચેરપર્સન** તરીકે નીયુક્ત થતા
અમારો પરિવાર હર્ષની લાગણી અનુભવી રહ્યો છે.



અમે આભારી છીએ એડ. મિનલ ભરત ખોના (સુથરી - નવી મુંબઈ)
(National / Apex Vice Chair Person)ના એમના સાથ-સહકારથી
આજે અમારી દિકરી જીતો ફેમીલીમાં ઉત્તરોત્તર ઉંચાઈના શિખરો સર કરી રહી છે.
અમારો પરિવાર ઋણી છે, ભગવાન, પરિવારના તમામ સભ્યો તથા
સંપૂર્ણ શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનોના આશીર્વાદ,
સાથ-સહકાર થકી આજે આ મુકામ હાંસીલ કરી શકી છે.

...લિ...

માતુશ્રી ચંદનબેન લહેરચંદ લાલકા (લાલા-વાશી)
શ્રીમતી કસ્તુરીબેન ખેતશી શિયાડ (જખૌ-અમદાવાદ)
શ્રીમતી કિરણ અભય ડાઘા (વરાડીયા-મુલુંડ)
શ્રીમતી નિશા હરીશ શિયાડ (જખૌ-અમદાવાદ)

ઉર્મીલ, આરૂશી તથા ગૌતમના જય જિનેન્દ્ર !

UPASANA-9820167767

## ભાંડુપ સંઘમાં પાંચ જ્ઞાન પૂજાનો ચડાવો ૧ લાખ ૨૦ હજારનો લીધો



તા.૫ સપ્ટેમ્બર રવિવારના ભાંડુપ સંઘમાં મેવાડ ભવનમાં ઉદયગુણ ગુરૂદેવની કૃપાથી પાંચ જ્ઞાન પૂજાનો ૧ લાખ વીસ હજારમાં ચડાવો લેવાયો. શ્રુત જ્ઞાનની અદ્ભુત જ્ઞાન ભક્તિ કરનાર લાભાર્થી પરિવારની દ્વારા હાર્દિક અનુમોદના કરાઈ.

## ભાંડુપ સંઘમાં કલ્પસૂત્રજી પોથી ઘર પધરામણીનો શાનદાર ચડાવો લેનાર લાભાર્થી

ભાંડુપ નગર બિરાજમાન પ.પૂ.ઉદયગુણગુરૂદેવજીના સાંનિધ્યમાં કલ્પસૂત્રજી પોથી ઘર પધરામણીનો લાભ ૬૫૬૬૬ મણના ચડાવાથી લેનાર લાભાર્થી વીર કિંજલ જય હરિશ ડાઘા કચ્છ વરાડિયા મહાવીર બિલ્ડીંગ ભાંડુપવાળાની હાર્દિક અનુમોદના.

પૂજ્ય ગુરૂદેવની નિશ્રામાં ભાંડુપ કવીઓ-કેડીઓ બન્ને સંઘોમાં સુંદર ધર્મ આરાધનાઓ થઈ રહી છે. મેવાડ ભવનના વિશાલ હોલમાં યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના પ્રવચન ઓનલાઈન થઈ રહ્યાં છે. જે જરૂર સાંભળો અને અન્યોને પણ આમાં જોડી અલભ્ય લાભ આપો.

## ભાંડુપ સંઘમાં કલ્પસૂત્ર પોથી શોભાયાત્રા ધર્મ માહોલમાં થઈ

ભાંડુપ નગરે આદિનાથ દાદાની શીતલ છાયામાં આધ્યાત્મિક યોગી પ.પૂ.મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં તા.૬ સપ્ટેમ્બર સોમવારના કલ્પસૂત્ર પોથીની શોભાયાત્રા ધર્મ માહોલમાં નીકળી વિજયાબેન હરીશ ધનજી મોમાયા વરાડિયાવાળાના નિવાસ સ્થાને સંપન્ન થઈ.

## કેડીઓ સંઘ ભાંડુપમાં વીર જન્મ વાચનનું મહત્વ વિશદ વ્યાખ્યાન

તા.૮ સપ્ટેમ્બર બુધવારના દિને ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના મેવાડ ભવનમાં વીર જન્મ વાચનના શુભ અવસરે પ.પૂ.શ્રી ઉદયગુણ ગુરૂદેવની નિશ્રામાં અનેરા ઉત્સાહના માહોલમાં યુવામુનિ પ.પૂ.શ્રી ગુરૂવલ્લભસાગરજી મ.સા.એ ખૂબજ વિશદ રીતે વીર જન્મ વાચનની સાથે ૧૪ સ્વપ્નોનું મહત્વ સુંદર રીતે બતાવેલ.



## શ્રી ક.દ.ઓ.વિદ્યાર્થી સંઘના ૬૮મા વર્ષ પ્રવેશ અવસરે શ્રી પાર્શ્વનાથ પદમાવતી દેવી મહાપૂજન

તા.૧૯ સપ્ટેમ્બર ૨૦૨૧ રવિવાર સવારે ૯ કલાકે જૈનમ હોલ એલ.બી.એસ.માર્ગ ભાંડુપ મધ્યે શ્રી ક.દ.ઓ.વિદ્યાર્થી સંઘના ૬૮મા વર્ષ પ્રવેશ પ્રસંગે શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ પદમાવતી દેવી મહાપૂજન વિધિકાર રાજાભાઈ નંદુ સંગીતકાર, અ.સૌ.ભાવના વીરા અને સાથી કલાકારોની સાથે ધ્યાન યોગી સાધના સમ્રાટ પ.પૂ.ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા. પ્રવચન પ્રખર યુવા હૃદયસમ્રાટ પ.પૂ.ગુરૂદેવ શ્રી ગુણવલ્લભજી મ.સા.ની પાવન નિશ્રામાં થશે. રજિસ્ટ્રેશન માટે સંપર્ક ચિરાગ લોડાયા-૯૬૧૯૮૭૬૫૬૦, ક્રિશા સાયલા-૭૫૦૬૦૮૬૭૦૯

## મહાવીર જન્મ વાંચન ઓનલાઈન પ્રસારણનો લાભ 30 હજાર ભાવિકોએ લીધો

ભાંડુપ સંઘના મેવાડ ભવનમાં તા.૮ સપ્ટેબર બુધવારના ઉદયગુણવલ્લભના પરમ સાંનિધ્યમાં મહાવીર જન્મ વાંચન ઓનલાઈન માધ્યમથી પ્રસારણ લાભ સમગ્ર વિશ્વના ૧૦ હજાર ઘરોમાં 30 હજાર ભાવિકો જોડાઈ ધર્મ લાભ લીધો.

યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. બે દિવસમાં ભાંડુપના ૫ સંઘોમાં પધારી મહાવીર જન્મ વાચન કર્યું અને જે તે સંઘના ભાવિકોને અદ્‌ભૂત લાભ આપ્યો.

## ભાંડુપ સંઘમાં લાભાર્થી પરિવાર દ્વારા કલ્પસૂત્ર વહોરાવામાં આવ્યા



તા.૭ સપ્ટેમ્બર મંગળવારના ભાંડુપ સંઘમાં મેવાડ ભવન ખાતેઉદયગુણગુરૂદેવનીનિશ્રામાંલાભાર્થીપરિવારવિજયાબેન હરીશ ધનજી ડાઘા પરિવાર દ્વારા કલ્પસૂત્ર વહોરાવામાં આવેલ.

## છ'રી પાલિત સંઘના માટે ૧૫ મિનીટમાં ૧૬ સંઘપતિ પરિવારો તૈયાર થઈ ગયા

મુંબઈની ભક્તિ નગરી ભાંડુપના આદિનાથ દાદાની શીતલ છાયામાં આધ્યાત્મિક યોગી પ.પૂ.મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની શુભનિશ્રામાં તા.૬ સપ્ટેમ્બર સોમવારના દિને ઐતિહાસિક પળ જોવા મળી. ભાંડુપ આદિનાથ જિનાલયથી અગાસી મુનિસુવ્રત સ્વામી તીર્થ પાંચ દિવસના છ'રી પાલિત સંઘ સંઘમાળ અગાસી તીર્થમાં પ.પૂ.અચલગચ્છાધિપતિ શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ફક્ત ૧૫ મિનિટમાં ૧૬ સંઘપતિ પરિવારો તૈયાર થઈ ગયા. સર્વે સંઘપતિ પરિવારોની સંઘવતીથી ખૂબ ખૂબ અનુમોદના કરાઈ હતી.

## અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં થતા દરેક કાર્યક્રમ ઘેર બેઠાં માણવાની, વિડીયો લિન્ક

સાહિત્ય સમ્રાટ, રાજસ્થાન દક્ષિણ દીપક, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન આરાધક, ગુરૂગુણ સિંધુસૂરિ પટ્ટધર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં થતાં દરેક કાર્યક્રમ વિડિયો ઘર બેઠાં મોબાઈલ, કોમ્પ્યુટર પર જોવા માટે યુટ્યૂબ વિડીયો લિન્ક https://www.youtube.com/c/ShriKalaprabhsagarsurijiMS પર જોડાઈ. આ ચેનલના દરેક વિડીયો જરૂરથી માણો. સંપર્ક : રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦

## કોઠારા તીર્થમાં કલ્પસૂત્ર પોથી પધરામણીનો લાભ ૬૦૦૩માં લીધો

અબડાસા તાલુકાના કોઠારા તીર્થમાં કલ્પસૂત્ર પોથી પધરાવાનું લાભ ૬૦૦૩માં માતુશ્રી જ્યોતિબેન જિતેન્દ્ર જવેરચંદ ધરમશી કોઠારા-ડોંબિવલીએ લીધો છે. જેની ખૂબ ખૂબ અનુમોદના.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા પર્યુષણ નિમિત્તે ડિજિટલ ભાવનાને વિશ્વભરમાંથી મળ્યો ઉત્સ્ફૂર્ત પ્રતિસાદ

વર્તમાન સમયમાં કોરોના મહામારી અને વિવિધ પ્રતિબંધો વચ્ચે પણ પર્યુષણ પર્વની ઉજવણીમાં ઝાંખપ ન આવે તે માટે થઈને વિવિધ જૈન સંઘો દ્વારા જુદા જુદા પ્રયાસો થયા હતા.

ત્યારે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ, મુંબઈએ ઓનલાઈન ભાવના શરૂ કરી. જેથી સમાજના તમામ લોકો પોતપોતાના ઘરે રહીને પણ ભક્તિનો લાભ પર્યુષણના આ આઠ દિવસ દરમ્યાન લઈ શકે. આ પ્રયાસને ધાર્યા કરતાં વધુ સફળતા મળી. માત્ર મુંબઈના લોકો માટે શરૂ કરાયેલ આ ડિજીટલ ભાવનામાં ઓનલાઈન પ્લેટફોર્મ પર દેશ-વિદેશના જૈન જ્ઞાતિબંધુઓ જોડાયા હતા.

ડિજીટલ ભાવનાની પહેલ કરનાર જ્ઞાતિ પ્રમુખના જણાવ્યાનુસાર, મુંબઈ, કચ્છ, ગુજરાત, હુબલી, આંધ્રપ્રદેશમાંથી તો લોકો જોડાય જ છે, પરંતુ આ ડિજીટલ ભાવનામાં યુકે, ઓસ્ટ્રેલિયા, દુબઈ અને અન્ય દેશોમાંથી પણ લોકો જોડાયા હતા. આ પહેલને કારણે વિદેશમાં વસેલા અને જ્ઞાતિથી દૂર થયેલા લોકોમાં ફરી જ્ઞાતિપ્રેમ જાગૃત થયો છે અને જ્ઞાતિબંધુઓ લાખો રૂપિયાની સાધર્મિક સહાય આપી જ્ઞાતિને મજબૂત બનાવવા આગળ આવી રહ્યાં છે. વિવિધ યોજનાઓ અને ઉત્કર્ષના કાર્યો આ દ્વારા થઈ શકશે. એટલું જ નહીં તો યુવાનોને પણ જો દેરાસરનું નામ પડે તો ઘણીવાર કંટાળો ચડે પરંતુ હવે ઘરેથી ભાવના થતાં તેઓ પણ ધર્મના પંથે આગળ વધી રહ્યાં છે અને ગાયક કલાકારો સાથે આ ભાવનાને માણી હતી. લોકોની બહોળી માગથી કોરોના બાદ પણ દર વર્ષે સમાજની એકતાને ટકાવી રાખવા આ પ્રકારે ઓનલાઈન ભાવના રાખવામાં આવશે, એવું સમાજના વડાએ જણાવ્યું છે.









# ભાંડુપ સંઘમાં મેવાડ ભવન ખાતે ગુરૂ ગુણોદય સ્મૃતિ વિશેષાંકનું વિમોચન થયું



તા.૫ સપ્ટેમ્બર રવિવારના ભાંડુપ સંઘના મેવાડ ભવનમાં તપચક્રવર્તી, સંઘ શિરછત્ર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે પૂજ્યશ્રીની આબેહુબ ભવ્ય પ્રતિમાની ભાવદર્શન યાત્રા તા.૧૧ ઓગસ્ટથી તા.૧૩ ઓગસ્ટ સુધીની મુંબઈ મેટ્રોરિજનના ઉપનગર પરિસરમાં અતિ ઉત્સાહ ભર્યા માહોલમાં થઈ. જેને ગુરૂ ભક્તો દ્વારા અદ્‌ભૂત આવકાર મળ્યો હતો. દરેક સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ભાવપૂર્વક પૂજ્ય ગુરૂ મહારાજને અક્ષત પુષ્પથી વધામણા કરી દર્શન વંદન લીધા. આ રથયાત્રાનો સવિસ્તાર સતસ્વીરી અહેવાલ અને પૂજ્ય સાહેબના જીવનની ઝાંખી અને સંભારણાનો શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનના જ્ઞાતિમૈયાનો વિશેષ અંક શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની પહેલ, પ્રયાસ અને પ્રેરણાથી પ્રકાશિત થયો છે. જેનું વિમોચન મુંબઈ મહાજનના પ્રમુખ નયનભાઈ ભેદા, સમસ્ત મહાજન મિડિયા કમિટીના ચેરમેન અને જ્ઞાતિમૈયા ઈ મેગેઝિનના સંપાદક જયંત છેડા, મનિષા લાલકા, મનોજ લોડાયા, ચેતન મોતા, અમિત ખોના, મયુર નાગડા અને ધનેશ લોડાયાની ઉપસ્થિતમાં થયું.



# શ્રી જૈન સોશ્યલ ગ્રુપ તિરૂપુર દ્વારા ૩૫ દિવ્યાંગજનોને કૃત્રિમ અંગ પ્રદાન કરાયા





તા.૧૨ સપ્ટેમ્બર રવિવારના શ્રી સુવિધિનાથ દેરાસર તિરૂપુર મધે મહાવીર જન્મ કલ્યાણક ઉજવણી અવસરે શ્રી જૈન સોશ્યલ ગ્રુપ તિરૂપુર દ્વારા સર્વ જ્ઞાતિના ૩૫ જેટલા દિવ્યાંગજનોને કૃત્રિમ અંગ પ્રદાન કરાયા હતા.

કાર્યક્રમનું ઉદ્‌ઘાટન શ્રી સુવિધિનાથ જૈન શ્વેતાંબર દેરાસરના ટ્રસ્ટી દીપક છેડા દ્વારા થયું. કાર્યક્રમની આયોજન વ્યવસ્થા અશોક ભંડારી, મહાવીર જૈનએ કરી હતી. શ્રી સુવિધિનાથ દેરાસરના ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપ નાગડાએ પ્રોગ્રામના કો-ઓર્ડીનેટર રહ્યાં હતા.

# દક્ષિણ ભારતના તિરૂપુર સંઘમાં ૪૫ શ્રાવક શ્રાવિકાઓએ કંદમૂળ ત્યાગના પચ્ચખાણ લીધા





દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના કોટન સિટી તિરૂપુર નગરના સંઘમાં શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા પધારેલા આરાધક ભાઈ શ્રી અલ્પેશભાઈ ઘરોડની જ્ઞાનપૂર્ણ વાણી વિચાર પ્રવાહથી પ્રેરણા લઈ અત્રે સંઘના ૪૫ જેટલા શ્રાવક શ્રાવિકાઓ એ કંદમૂળ ત્યાગના ધાર્યા પ્રમાણે પચ્ચખાણ લઈ આ વર્ષના પર્યુષણ મહાપર્વને ખાસ અને યાદગાર બનાવ્યો.

# તિરૂપુર સંઘમાં કલ્પસૂત્ર શોભાયાત્રા ભવ્યતાથી થઈ

દક્ષિણ ભારત પ્રદેશના તિરૂપુર નગર સંઘમાં કલ્પસૂત્ર ગ્રંથની શોભાયાત્રા નીકળી લાભાર્થી કાર્તિક સંપત રાજ સોલંકી પરિવાર તિરૂપુર રહ્યાં હતા.



# તિરૂપુર સંઘમાં સ્વપ્ન મહોત્સવ એવં મહાવીર જન્મ વાંચનનો અવસર ઉજવાયો





બુધવાર તા.૮ સપ્ટેમ્બરના દક્ષિણ ભારતના રાજ્ય તામિલનાડુના તિરૂપુર નગર સંઘમાં શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા પધારેલ આરાધક ભાઈ અલ્પેશભાઈ ધરોડ અને ઉમંગભાઈ ગાલાની જ્ઞાનપૂર્ણ વાણીથી સ્વપ્ન મહોત્સવ એવં મહાવીર જન્મ વાંચન અતિ આનંદ ઉમંગથી ઉજવામાં આવ્યો.

---

# ડૉ.પ્રો.મહિમા દંડ ટીચર્સ ડે નિમિત્તે બેસ્ટ ટીચર તરીકે સન્માનિત





તા.૫ સપ્ટેમ્બર રવિવારના ડિસ્ટ્રીક ગર્વનર અને ફર્સ્ટ લેડી રોટરી ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક ૩૧૭૦ દ્વારા રોટરિયન ડૉ. પ્રો.મહિમા મોહિત દંડ-હુબલીને Torch Bearer Outstanding Award આપી તેમને સમાજની નિષ્ઠા, સેવા અને સંકલ્પથી રોટરીની પ્રતિષ્ઠા વધારવા માટે અપાયો.

---

# કોઈમ્બતુર સંઘમાં પર્યુષણ પર્વની ઉત્સાહભેર આરાધના કરાઈ







કોઈમ્બતુર નગર સંઘમાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો શ્રી મુનિસુવ્રત સ્વામી દેરાસરમાં ઉત્સાહ ભર્યા માહોલમાં થયો.

# શ્રી યવતમાલ સંઘ દ્વારા અખિલ ભારત અચલગચ્છ સંઘના ટ્રસ્ટી પદે વરણી થવા બદલ મનિષભાઈ ધરમશીનું સન્માન કરાયું





શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલ દ્વારા શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટીપદે હાલમાં નિયુક્ત થયેલ શ્રી મનિષભાઈ વિક્રમભાઈ ધરમશીનું સ્વાગત તેમજ બહુમાન સહ અભિવાદન ટ્રસ્ટીઓ દ્વારા ભાવપૂર્વક કરાયું. તેમના દ્વારા સકળ સંઘના સારા શુભ કાર્યો ઉત્તરોત્તર સંપન્ન થતા રહે એવી શુભેચ્છા અપાઈ હતી.

# દેવલાલી નગરમાં કલ્પસૂત્ર પોથીના વરઘોડાની તસવીરી ઝલક

મહારાષ્ટ્ર રાજ્યના હિલ સ્ટેશન નગર દેવલાલીમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ની નિશ્રામાં કલ્પસૂત્રના લાભાર્થી અ.સૌ.કલ્પનાબેન રાજીવ લુઠિયા (રવા-મુલુંડ), ઘોડીયા પારણાના લાભાર્થી અ.સૌ.ફોરમ ધૈર્ય દિપક ધરમશી (કોઠારા-નવી મુંબઈ) પોથીના વરઘોડાની અત્રે તસવીર ઝલક નિરખી શકાય છે.





# હાલાર પ્રાંતના દલતુંગી નગરે પર્યુષણ પર્વની ધામધૂમપૂર્વક આરાધના કરાઈ





ગુજરાત રાજ્યના હાલાર પ્રાંતના દલતુંગી નગરે કલ્પસૂત્ર પોથીનો વરઘોડો વાજતે ગાજતે સંઘના શ્રાવક શ્રાવિકોના ઉત્સાહભરી ઉપસ્થિતમાં થયો હતો તેની ઝલક અત્રે જોઈ શકાય છે.

## શ્રી સાંઘાણ તીર્થ શાંતિનાથ દાદાની ભવ્ય આંગીની ઝાંખી







**શ્રી માંડવી કચ્છના શ્રી અજિતનાથજી જૈન દેરાસરમાં પ્રથમ દિવસ આંગીની ઝાંખી**

# જખૌ સંઘ દેરાસરને શત્રુંજય પટની ભેટ મળી





અબડાસા પંથકના જખૌ તીર્થ સંઘ દેરાસરને ખેતશી મૂલજી શિયાલ પરિવાર તરફથી સ્વ.વર્ષાબેન હીરાચંદ શિયાળની સ્મૃતિમાં જખૌ દેરાસરને શત્રુંજ્ય પટની ભેટ મળી. જેના પ્રેરણા પ.પૂ.સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી યશોદયાશ્રીજી મ.સા.ની રહી.

# જીવદયાનું ઉતમ કાર્ય કરનારનું પ્રેરણાદાયી કામ અનુસરણીય છે

ભરતભાઈ રામજીભાઈ નાગડા, વડોદરા-નલિયાએ પોતાની દુકાનમાં શ્રી નલિયા પાંજરાપોળ માટે જીવદયા સહાય માટે એક બચત બોક્સ-પેટી રાખેલ છે. જેમાં ગ્રાહકો તેમજ પોતે બચત પેટીમાં જીવદયા માટે નાનું નાનું દાન કરે છે. બરાબર એક વર્ષ પછી પેટી ખોલતાં રૂા.૧૪૭૬૩ જેવી મોટી એવી રકમ તા.૪ સપ્ટેમ્બરના પ્રથમ દિવસે અમારી પાલન કર્તવ્યરૂપે એમના દ્વારા નલિયા પાંજરાપોળને અનુદાન કરવામાં આવેલ છે. જેની ખૂબ ખૂબ અનુમોદના.

આવી પ્રેરણા લઈ આપ પણ જીવદયાનું ઉત્તમ કામ કરી શકો છો.





**માતુશ્રી મણીબેન વાલજી ગોવિંદજી શાહ (ખોના) પરીવાર**
**ગામ: સાંધવ**

**અંતરના ઓરડેથી,**
**દિલના દરવાજેથી,**
**મનના માંડવેથી,**
**સ્નેહના સંગાથથી,**
**મન, વચન અને કાયાથી,**
**આપને અને આપના પરિવારને**
**બે હાથ જોડીને અંતઃકરણ પૂર્વક**

# મિચ્છામિ દુક્કડમ્

હસ્તે

**નેહલ અમર શાહ**

બ્રિહનમુંબઈ મહાનગરપાલિકા નગરસેવિકા: વોર્ડ નંબર ૧૭૭

# કચ્છના વર્ધમાન નગરે કલ્પસૂત્ર પોથીના ભવ્ય વરઘોડાની ઝલક





કચ્છ ભુજ પરિસરના વર્ધમાન નગર સંઘમાં વિમલનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક, ૨૧મા વર્ષીતપના તપોનિધિ સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો થયો. લાભાર્થી પરિવાર માતુશ્રી ચંદનબેન લખમશી લાપસીયા-કોઠારા.

# દીક્ષાર્થી વિધિબેનનું ભુજ સંઘ દ્વારા બહુમાન કરાયું





તા.૩ સપ્ટેમ્બર શુક્રવારના રોજે શ્રી ભુજ અચલગચ્છ જૈન સંઘ દ્વારા દીક્ષાર્થી વિધિબહેનનું બહુમાન કરાયું.

# ભુજ સંઘમાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડામાં ભાવિકો જોડાયા

કચ્છ જિલ્લાના ઐતિહાસિક પાટનગર ભુજ શહેરના સંઘમાં પ.પૂ. શ્રીરાજરત્નસાગરજી મ.સા.આદિ ઠાણાની નિશ્રામાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો ભાવિકભાઈ બહેનોના ઉત્સાહિત હાજરીમાં થયો હતો.





## ભુજ સંઘમાં ચૈત્ય પરિપાટી અને ગુરૂવંદના માટે પધારવા સર્વે સંઘને આમંત્રણ

પ.પૂ.શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૯ ભુજ મધ્યે ચાતુર્માસ બિરાજમાન છે અને સુખ શાતામાં છે. પૂજ્ય સાહેબોની નિશ્રામાં પર્યુષણ પર્વની ભવ્ય રીતે ધર્મ આરાધના અને તપ થઈ રહ્યાં છે. ચૈત્ય પરિપાટી અને ગુરૂવંદના માટે પધારવા સર્વે સંઘને આમંત્રણ છે.

પધારનાર સંઘોને નીચેના નંબર પર અગાઉથી જાણ કરવા વિનંતી. મહેન્દ્ર ડી.શાહ-૯૪૨૯૦૪૨૭૮૨, પી.સી.શાહ-૯૪૨૮૦૮૨૩૩૩, ભરત સી.શાહ-૯૮૭૯૭૬૬૭૪૩.

---

## પાટનગર ભુજના આંગણે પર્યુષણ મહાપર્વની આરાધનાઓ થઈ





કચ્છ જિલ્લાના ઐતિહાસિક પાટનગર ભુજ ખાતે પર્યુષણ મહાપર્વની આરાધનાના અવસરે ૧૫ જપ ભક્તિમય ઉપાસનાનું વાતાવરણ ભુજ અચલગચ્છ જૈન સંઘના આંગણે ચાતુર્માસ બિરાજમાન ગુરૂ ગુણોદય આજીવન અંતેવાસી એવમ ગુણોદયકૃપા પાત્ર પ.પૂ.મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા.આદિ ઠાણા ૯ની પાવન નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના આરાધના તપ, ત્યાગ, વ્રત, પંચખાણ તેમજ ભક્તિમય માહોલ વચ્ચે આરાધનાઓ થાય છે. પર્વ પ્રસંગે પંચ કર્તવ્યો તથા વાર્ષિક અગિયાર કર્તવ્ય પર પ.પૂ.મુનિ શ્રી ભાગ્યોદય સાગરજી મ.સા.એ પ્રવચન આપ્યું હતું.

કલ્પસૂત્ર પોથી પધરાવવાનો લાભ જૈનમ ગ્રુપ ઓફ ભુજ પરિવારે લીધેલ તથા ભાદરવા સુદ બીજના શ્રી મહાવીર જન્મ વાંચન પ.પૂ.મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા.ના મુખેથી થયેલ. ચૌદ સ્વપ્ન દર્શનમાં ભાવિકોએ ઉલ્હાસિત ભાવે ધૃત ઉછામણીમાં બોલી બોલીને લાભ લીધેલ.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માના પારણું પધરાવવાનો લાભ મુકેશ શાંતિલાલ (એસ.ટી.પરિવારે) લીધેલ. પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન અઠાઈ, નવાઈ, સોળ ઉપવાસ આદિ અનેકવિધ તપસ્યાઓ નાના મોટા તપસ્વીઓ એ કરેલ. પર્વ દરમ્યાન પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.ની નિશ્રામાં દાદાવાડી ખાતે શ્રી ખરતગચ્છ જૈન સંઘના ઉપક્રમે ચૌદ સ્વપ્ન દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

શ્રી સંઘના ભાવિકોએ ત્યાં પણ ઉદારદિલે ધૃત ઉછામણીમાં ભાગ લીધેલ. ખતરગચ્છ જૈન સંઘમાં મહાવીર સ્વામીનું પારણું પધરાવવાનો લાભ શ્રી પ્રદીપભાઈ લાલજી પરિવાર મોટા અંગિયાવાળાએ લીધેલ.





# હૈદ્રાબાદ નગર સંઘમાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો

તેલંગણા રાજ્યના હૈદ્રાબાદ નગરના ચૈતન્યપુરી અચલગચ્છ જૈન સંઘમાં નવકાર આરાધક નરેન્દ્રભાઈ નંદુની ઉપસ્થિતિમાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો વાજતે ગાજતે સંઘના શ્રાવક શ્રાવિકાઓની ઉમંગ ભરી ઉપસ્થિતિમાં થયો.





# જિનેશ્વર ધામ હૈદ્રાબાદ સંઘમાં પર્યુષણ પર્વની ઉલ્હાસપૂર્વક આરાધના કરાઈ





શ્રી અચલગચ્છ જૈન જિનેશ્વર ધામ હૈદ્રાબાદના આંગણે પ.પૂ.સાધ્વીજી લક્ષલિનાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પોથીજીનો વરઘોડો ભવ્યતા ભાવના માહોલમાં નીકળ્યો હતો.

# શિવમસ્તુ તીર્થ પ્રેરક પ.પૂ.શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.નો ૬૪ વર્ષમાં મંગલ પ્રવેશ

તા.૧૧ સપ્ટેમ્બર શનિવાર એટલે સંવત્સરીનો મહાનમાં મહાન પર્વ દિન. ભારતભરમાં જ્યાં સ્વયંમેવ વિશિષ્ટ ધર્મ આરાધનાઓ દ્વારા ઉજવણી થતી હોય એવા પરમ પાવન દિને શિવમસ્તુ તીર્થ તથા મુનિ મહાભદ્રસાગરજી સ્મૃતિ ટ્રસ્ટના પ્રેરક-પ્રણેતા એવા ગુરૂ અને શાસન સમ્રાટ ગુરૂ ગુણ મહાના પનોતા શિષ્ય-પ્રશિષ્ય પ્રવચન વપ્રભાવક પ.પૂ.મુનિરાજશ્રી પૂર્ણ ભદ્રસાગરજી મ.સા. ૬૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો. જેની અગણિત વધાઈ.

ચાર મિલે ચોસઠ ખિલેની જેમ આપ હમેંશા હરદમ ધર્મ ક્ષેત્રે સૌના હૃદયમાં ખિલેલા કમળની જેમ પલ્લવિત રહો. જૈન સંઘમાં એવમં જૈન જૈનેતર તમામ પ્રજામાં બચપણથી આજ લગી પ્રવચન રૂપી પ્રભુના તીર્થની શાન બઢાવવા પ્રવચનની રસધારા વહાવવા દ્વારા ખરેખર લોક લાડીલા પ્રવચન પ્રભાવક બન્યા છો. આજે પણ એ રસધારા કચ્છની ધરા ઉપરથી અવિરતપણે ચાલુ છે એનું ગૌરવ છે આપ નિરામય આયુષમાન બની આપની સરસ્વતી સમવાણી અને લેખિની દ્વારા પરોપકારની નિસ્યન્દી (નદી)ને નિરંવત વહેતી રાખે એજ અંતરની અભિલાષા સાથે શાસન દેવને પ્રાર્થના સમ્યગ્જ્ઞાન પ્રસારણ નિધિ ટ્રસ્ટ સંચાલિત શિવમસ્તુ સમવરણ જૈન તીર્થ, મુનિશ્રી મહાભદ્રસાગરજી એવા સ્મૃતિ ટ્રસ્ટ, જીવન ઘડતર અને સંસ્કાર દાત્રી જનની માતા સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી (બા મહારાજ) આદિ ઠાણા.

# શ્રી મોટી ખાવડી સંઘમાં સ્વપ્ન તથા પારણાનું ઘૃતની ઉછામણી

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડી મુકામે શ્રી ચંદ્રપ્રભસ્વામી દાદાના આંગણે મહાવીર જન્મ મહોત્સવ નિમિત્તે યોજાયેલા સ્વપ્ન તથા પારણાનું ઘૃત ઉછામણીનું કુલ્લ ઘી ૪૧૯૧૫૯ મણ થયેલ છે.

# સુથરી પાંજરાપોળ માટે સુકૃત ભાવ સાથે અનુદાન આપવા અપીલ

કાળા માથાનો માનવી જેની પાસે બોલવાની શક્તિ છે, તે માગીને તરકીબથી પોતાના સંકટનું સહેલાઈથી નિરાકરણ કરી શકે છે. પણ અબોલ જીવો જેઓ બોલી શકતા નથી, નથી પોતાની પીડા દુ:ખ દર્દ કે ભૂખ બતાવી નથી શકતા, એમનો બેલી કોણ? આ વર્ષે માદરે વતન કચ્છમાં દુષ્કાળની વિષમ પરિસ્થિતિ નિર્માણ થયેલ છે. સુથરીમાં ૧૭૮ વર્ષોથી ઉદાર દિલ દાનવીરોના પ્રબળ સાથથી મૂંગા ઢોરો માટે પાંજરાપોળ અવિરત કાર્ય કરી રહી છે ને કરતી રહેશે. સુકૃત માટે વપરાયેલ લક્ષ્મી અનેક ગણી પરત થઈને આવે છે. સ્થાનિકે જમીનમાં ખારાશ વધવાથી રસ કસ ઘટી ગયા છે. પાણી બહુ ઊંડે ઉતરી ગયા છે આવા સંજાગોમાં આપ જેવા દાનેશ્વરી પુણ્ય આત્માઓ પાંજરાપોળ નિભાવ ફંડમાં ઉદાર દિલે સુપાત્ર દાન કરી પુણ્યનું ભાથું બાંધશો એવી નમ્ર અભ્યર્થના.

દાનની રકમ ઈન્કમ ટેક્સમાં ૮૦જી હેઠળ કર મુક્ત છે. આપનો અનુદાન શ્રી સુથરી પાંજરાપોળના નામે મોકલશો. બેંકની વિગત. બેક ખાતાનું નામ : Shree Suthari PanjaraPole, બેકનું નામ : BANK OF BARODA, Kalina Branch, New SB A/c No.99460100003798, IFSC Code : BARBODBKALI. દાન માટે સંપર્ક કીર્તિભાઈ-૯૮૩૩૧૫૨૬૯૫, વર્ધમાન : ૯૮૩૩૫૮૫૨૮૦, જિજ્ઞેશ છેડા-૯૭૨૬૨૧૩૮૨૭

# સુથરી તીર્થે ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની કાયમી ધ્વજા મહોત્સવ સંપન્ન





ભાદરવા સુદ પાંચમના સાયલા પરિવાર દ્વારા શ્રી સુથરી તીર્થે ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની કાયમી ધ્વજા મહોત્સવ સંપન્ન થયો.

# કચ્છના સુથરી તીર્થે પર્યુષણ દરમ્યાન ભક્તિભાવપૂર્વક આરાધના




કચ્છ અબડાસા પંથકના સુથરી તીર્થે કલ્પસૂત્ર પોથીનો વરઘોડો તથા જાગરણ તેમજ ભક્તિ ભાવના અને ધાર્મિક ક્વીઝનું નવતર આયોજન કરાયું. જેમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભાવથી લાભ લીધો હતો. લાભાર્થી પરિવાર માતુશ્રી ઝવેરીબેન શામજી ખીંયશી દંડ સુથરી.

# પાલીતાણા મહાતીર્થે ૯૯ યાત્રામાં ગિરિપૂજન અને વધામણાનું આયોજન





પાલીતાણા મહાતીર્થેમાં થઈ રહેલ ધનવસી ટુક ૯૯ યાત્રામાં તા.૨ સપ્ટેમ્બર ગુરૂવારના રોજ ગિરિપૂજન અને વધામણાનું આયોજન કરાયેલ. જેમાં યાત્રિકો ભાવપૂર્વક જોડાઈ આયોજનનો આનંદ દ્વિગુણિત કરેલ.

# કેશવજી નાયક ધર્મશાળા પાલીતાણામાં પોથીના વરઘોડાની ભવ્યતાની ઝલક





# પાલીતાણા શત્રુંજય મહાતીર્થે ૯૯ યાત્રામાં કલ્પસૂત્ર પોથીની રથયાત્રા

પાલીતાણા શત્રુંજય મહાતીર્થે થઈ રહેલ ધનવસી ટુક ૯૯ યાત્રામાં પ.પૂ.સાધ્વીશ્રી અમિત પ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં કલ્પસૂત્ર પોથીની રથયાત્રા યોજાઈ.




# કોપરખૈરણે સંઘમાં પોથીનો વરઘોડો અદ્‌ભૂત ઉત્સાહના માહોલમાં યોજાયો





શ્રી અચલગચ્છ જૈન સંઘ કોપરખૈરણે-નવી મુંબઈ સંઘમાં પ.પૂ.મુનિરાજશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ની નિશ્રામાં પોથીનો વરઘોડા ભવ્ય અદ્‌ભૂત ઉત્સાહના માહોલમાં યોજાયો. જેની તસવીર ઝલક દ્વારા માહોલ સ્થિતિ જોવા મળે છે.

# મંજલ રેલડિયા ગામે કલ્પસૂત્ર પોથીનો વરઘોડો દબદબાભેર નીકળ્યો







કચ્છ પ્રાંતના મંજલ રેલડીયા ગામે પ.પૂ.સાધ્વીશ્રી ભાવીરત્નાશ્રીજી મ.સા.ની નિશ્રામાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો દબદબાભેર નીકળ્યો. જેમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ સહભાગી થઈ ધન્ય થયાં હતા.

# માંડવીના શિવમસ્તુ તીર્થે વીર જન્મ વાચન શુભ દિને ધર્મ આરાધના થઈ





કચ્છ જિલ્લાના બંદરીય શહેર માંડવીના શિવમસ્તુ તીર્થે પ.પૂ.શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં તા.૮ સપ્ટેબર બુધવારના વીર જન્મ વાચનના શુભ દિને ૧૪ સ્વપ્ન દર્શન અને પારણાને ઝુલાવવા વિગેરેના કાર્યક્રમ ધન્યતાથી ઉજવાયા.

# સંજીવની કેસ નં.૫૨ માટે રૂા.૧.૧૦ લાખની મદદ માટે ટહેલ

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 52**

KDO

## DONATION NEEDED!

## Mrs. Jayshree Nilesh Dand

**Age:47, Dombivli, Naliya**

**Suffering from uterine fibroids.**
**Got admitted due to severe pain and bleeding.**
**She is advised for Surgery 'removal of uterus' immediately.**







**DONATION REQUIRED**
**Rs. 1.10 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda    Branch : Mulund (West)
**A/c.: 99630100021765**
**IFSC: BARB0DBMULW    MICR : 400012272**

For Live Donations on Sanjivani App
pls contact: **+91 90990 41414**

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 90990 41414**

શ્રીમતી જયશ્રીબેન નિલેશ દંડ ઉ.વ.૪૭ નલિયા, ડોંબિવલી સ્ત્રી જન્ય બિમારી ગ્રસ્ત છે અને દર્દ તથા રક્તસ્ત્રાવને કારણે હોસ્પિટાઈલેઝ છે. તેમની ઉપર સર્જરી કરી દુષિત ભાગ કાઢવાનું ઓપરેશન કરવું તાત્કાલિક જરૂરિયાત છે જે માટે રૂા.૧.૧૦ લાખ મેળવવાની અરજી સમસ્ત મહાજનની મેડિકલ કમિટી પાસે આવી છે. તેમનું ઈન્સ્યુરન્સ છે પણ આ રોગની સર્જરી ૨૪ માસ સુધી કવર નથી થતી તેમના પતિ જ એક માત્ર કમાવનાર છે જેઓ રમકડા સેલ્સ કરે છે. જે કોવિડ-૧૯ના પેન્ડામિકને કારણે રોજગારથી વંચિત છે.

પર્યુષણ પર્વને લક્ષમાં રાખી માનવ સેવાનો ઉત્તમ ધર્મ નિભાવવાની આ અમૂલ્ય તક ઉદારદિલ જ્ઞાતિજનો ઝડપી લે અને જયશ્રીબેન દંડને ઓપરેશન સારવાર માટે મદદરૂપ થઈએ.

# સાંધાણ તીર્થે કલ્પસૂત્ર પોથી પધરામણીની શોભાયાત્રા



કચ્છ મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર એવા અબડાસા પંથકના સાંધાણ તીર્થ સંઘમાં પ.પૂ.મુનિશ્રી આર્યરક્ષિતસાગરજી મ.સા.ની નિશ્રામાં કલ્પસૂત્ર પોથી પધરામણીની શોભાયાત્રા ઉત્સાહ ભર્યા માહોલમાં થઈ.

# સાંધાણ તીર્થે જાગરણ તથા ભક્તિ ભાવના થઈ





કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સાંધાણ તીર્થે કલ્પસૂત્રની પોથીનું જાગરણ તથા ભક્તિ ભાવના લાભાર્થી પરિવાર સોનલબેન કુલીનભાઈ નાગડાના ગૃહ આંગણમાં થઈ.

# સાંધાણ તીર્થે વીર જન્મ વાંચન અને સ્વપ્ન મહોત્સવ સંપન્ન





કચ્છ પ્રદેશના અબડાસા વિસ્તારના સાંધાણ તીર્થ નગરે વીર જન્મ વાંચન અને સ્વપ્ન મહોત્સવ પ.પૂ.આર્યરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં રૂઢિ અને ઉત્સાહના વાતાવરણમાં સંપન્ન થયા.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી પારોલા તીર્થમાં પુષ્પ નક્ષત્ર યોગમાં ૧૮ અભિષેકનું આયોજન સંપન્ન થયું





ખાનદેશ પ્રાંતના પારોલા તીર્થમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં તા.૪ સપ્ટેમ્બર શનિવારના દિને વિધિકાર કેવલ સાવલાના સથવારે પુષ્પનક્ષત્રમાં શુભ મંગલ સમયે ૧૮ અભિષેકનું આયોજન ભવ્યતાથી સંપન્ન થયા. સંઘના શ્રાવક શ્રાવિકો અનેરા ઉત્સાહથી ધર્મ આરાધનાનો લાભ લીધો હતો.

# કેરાલા રાજ્યના બડગરા નગરે પોથીયાત્રાની અદ્‌ભૂત ઝલકની તસવીરો





દક્ષિણ રાજ્યના દેવભૂમિ રાજ્ય એવા કેરાલાના બડગરા નગરમાં અચલગચ્છીય ઘરો અલ્પ સંખ્યામાં છે. સાધુ-સાધ્વીજીની અવરજવર ભાગ્યે જ થાય છે. પણ દરેક ધાર્મિક તહેવારો અત્રે ખૂબજ આનંદપૂર્વક થાય છે. જે પોથીની શોભાયાત્રામાં આ ઝલક પૂર્ણપણે છલકે છે.

# કચ્છના તેરા તીર્થે પર્યુષણ પર્વની વાજતે ગાજતે આરાધના કરાઈ





કચ્છ પ્રદેશના તેરા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો વાજતે ગાજતે સંઘના શ્રાવક શ્રાવિકોનો ઉત્સાહપૂર્વકની ઉપસ્થિતિમાં યોજાયો.

# સાંધવ નગરે કલ્પસૂત્ર પોથીનો વાજતે ગાજતે વરઘોડો નીકળ્યો

કચ્છના અબડાસા પંથકના સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં તા.૬ સપ્ટેમ્બર સોમવારના પ.પૂ.સાધ્વીશ્રી કનક ગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો વાજતે ગાજતે દામજી નરશી દંડ ઘરે પધરાવવામાં આવેલ.

# કોઠારા તીર્થ સંઘમાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો ભક્તિ ભાવભર્યા માહોલમાં થયો





કચ્છ જિલ્લાના અબડાસા પ્રદેશના કોઠારા તીર્થ સંઘમાં કલ્પસૂત્ર પોથીનો માહોલમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓની ઉત્સાહપૂર્વ ઉપસ્થિતિમાં નીકળ્યો હતો.

# હાલાર પ્રદેશના મોટી ખાવડી નગર સંઘમાં કલ્પસૂત્ર વરઘોડો યોજાયો





ગુજરાત રાજ્યના હાલાર પ્રાંતના મોટી ખાવડી નગરના સંઘમાં કલ્પસૂત્રના લાભાર્થી અ.સૌ.સંધ્યાબેન ગિરીશ લોડાયા, મોટી ખાવડી, વરઘોડો સંઘના ભાવિકભાઈ બહેનોની ઉત્સાહ સહભાગ ઉપસ્થિતિ સાથે યોજાયો.

# કચ્છના રાયધણજર નગરે કલ્પસૂત્ર પોથી વરઘોડો નીકળ્યો

કચ્છ પ્રદેશના અબડાસા પંથકના રાયધણજર નગરે કલ્પસૂત્ર પોથીનો વરઘોડા ઉત્સાહ ઉમંગના ભાવ સાથે યોજાયો. મૂળનાયક ભગવાનશ્રી આદેશ્વર દાદાની શીતલ છાયામાં સમગ્ર આયોજન સંપન્ન થયું.







# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● સાંપ્રત સમયમાં લોકો પોતાની તંદુરસ્તી માટે સભાન બન્યા છે. આથી શહેરોમાં અનેક જગ્યાએ જીમ ખુલી રહ્યાં છે. ભુજ શહેરના ધનશ્યામ નગર સ્થિત પીપીસી ક્લબ દ્વારા છેલ્લા ૧૮ વર્ષથી ચાલતાં જીમમાં ૨૩ લાખના ખર્ચે નવા આધુનિક સાધનો વસાવાયા છે અને આગામી દિવસોમાં મહિલાઓ માટે રાહત દરના બેચ શરૂ કરી સશક્ત સ્ત્રીઓને વધુ શક્તિશાળી બનાવાશે. જીમના કોચ એઝાઝના જણાવ્યા પ્રમાણે આ જીમમાં કાર્ડિયાક અને સ્ટેન્થ ટ્રેનિંગના આધુનિક સાધનોથી જીમમાં નવો જોશ આવ્યો છે.

● ઈન્નર વ્હીલ ક્લબ ભુજએ ટ્રાફિક પોલીસ માટે શહેરના પાંચ સ્થળે વોટરપ્રુફ છત્રી તથા ખુરશીની ભેટ આપવામાં આવી. આ દાનથી બારેમાસ ટાઢ તાપ અને વરસાદમાં રસ્તા પર ઊભીને ટ્રાફિક નિયમન કરતાં પોલીસના જવાનોને રાહત થશે.

● દેશ અને રાજ્યની સાથે કચ્છને પણ પોતાની નાગચુડમાં લેનારા કોરોના સંક્રમણના કારમા કહેરમાંથી સંપૂર્ણ મુક્તિની આશા ૪૬૯ દિવસ એટલે કે એક વર્ષને ત્રણ મહિનાના લાંબા અંતરાલ બાદ કચ્છ હાલ પૂરતું સંપૂર્ણ કોરોના મુક્ત જાહેર થયું.

● નખત્રાણા તાલુકાના કોટડા રોહા ગામે સો વર્ષ જૂનો વડ મૂળસોતું ઉખડી જતાં ગ્રામજનોએ ઐતિહાસિક વૃક્ષની સ્મૃતિ સાચવવા તે જ જગ્યાએ તેની ડાળખીની કલમ વાવી સમૃતિ રહે એવું કાર્ય કર્યું છે. શેઠ નાગજી વિશ્રામ હાઈસ્કૂલમાં પાંચ-છ દાયકા પહેલાં ભણી ગયેલા વિદ્યાર્થીઓ રિસેસમાં આ વડને ઓ'ટલે બેસી નાસ્તા કરેલા, વડવાઈઓને પકડી હીંચકા ખાધેલા વડની ફરતે જાત જાતની રમતો રમી કે અહીંના છાંયડે વિશ્રામ લીધો છે. ગામ લોકો આ વડને ખૂબ મહત્વ આપતાં બાજુમાં અવાડો હોવાથી ગાય, ઘેટાં, બકરા ચરાવનારા જાનવરો પાણી પીએ ત્યાં સુધી અંહી નિરાંત કરતા. વટેમાર્ગુ પણ અહીં બેસતાં ઘટાદાર વડનું વૃક્ષ વડવાઈઓની લાંબી જટાઓથી અલગ દેખાવ ધરાવતુ હતું. નિષ્ણાતોનો અભિપ્રાય લઈ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જહેમતપૂર્વક જેસીબીની મદદથી જૂના વડની ઠેકાણે ઊંડો ખાડો કરી ત્યાં આ વડની જીવંત લાંબી ડાળખી કલમ રોપવામાં આવી.

● શારીરિક-માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે યોગ-આયુર્વેદ જરૂરી હોવાનું પ્રતિપાદન નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ૨૦૨૧ અંતર્ગત માતૃછાયા કન્યા વિદ્યાલય ભુજ દ્વારા આયુર્વેદ અને યોગ 'અ ન્યૂ રે ઓફ હોપ ફોર સસ્ટેનેબલ લિવિંગ' વિષય પર યોજાયેલ વેબિનારમાં કરાયું હતું. સર્વ મંગલ આરોગ્ય ધામના આયુર્વેદાચાર્ય ડૉ. આલાપભાઈ અંતાણીએ આ અવસરે જણાવ્યું હતું કે વર્તમાન જીવન શૈલીને કારણે નવા નવા રોગો ઉદભવે છે. તેમાં શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે 'યોગ અને આયુર્વેદ' મહત્વનો ભાગ ભજવે છે.

● રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૧ વર્ષ માટે રાજ્યના શ્રેષ્ઠ ૩૦ શિક્ષકોને પારિતોષિક જાહેર કરાયા છે. જેમાં કચ્છના ચાર શિક્ષકો ભુજ તાલુકયાના લોડાઈ ગામના ડૉ. સ્નેહલ વૈદ્ય નખત્રાણા તાલુકાના કોટડા રોહાના રણજિત સિંહઝાલા, આદિપુરના ડૉ.અંજનાબેન મોદી અને માંડવી તાલુકાના ગઢશીશાના ગીતાબા વાઘેલાના નામ એવોર્ડ માટે સન્માનિત છે.

● ૧૫ વર્ષ જૂના વાહનો ફિટનેસ ટેસ્ટમાં નાપાસ થશે તે ભંગાર વાડામાં જશે એવી નવી પોલિસી અંતર્ગત ગુજરાતમાં અલંગ ઉપરાંત કચ્છમાં જૂના વાહનો જ્યાં સ્ક્રેપિંગ માટે લાવવામાં આવે તેવા સ્ક્રેપયાર્ડ ઊભા થવાના છે. સ્ક્રેપ કરેલા વાહનોની આયાત માટે કંડલા બંદરનો ઉપયોગ થઈ શકે છે.


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE,
SCRUTINIZE
& DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI
98211 37737
DEEPAK KARANI
98210 82664
DEEPAK MOMAYA
93233 44737
KALPESH LODAYA
93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA




-: શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)

For Business Queries : Seema : 91 - 98841 90494 , Pratik : 91 - 98848 99494
# 128, Cathedral Road, Chennai - 600 086 , Ph. : 044 - 4314 1444
www.shubhdiamonds.com E.Mail : pratik.mota@shubhdiamonds.com